**અગ્રતા ક્રમ : ૧૩**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૭૬૭**

**પ્રશ્નની વિગત: છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જીલ્લામાં પ્રવાસન ક્ષેત્ર વિકસાવવા અંગે કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ**

**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કનુભાઈ કરમશીભાઈ પટેલ**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– શ્રી કનુભાઈ કરમશીભાઈ પટેલ**

**પૂરક પ્રશ્ન (૧) : નળ સરોવર સ્થળનું મહત્વ શું છે તથા છેલ્લા બે વર્ષમાં નળ સરોવર ખાતે કેટલા પ્રવાસીઓ એ મુલાકાત લીધેલ છે તેની વિગત જણાવશો.**

**જવાબ:**

**માન.અધ્યક્ષશ્રી**

નળ સરોવર પક્ષી અભયારણ્ય, અમદાવાદના સાણંદ ગામ પાસે આવેલું છે. તે એપ્રિલ 1969 માં પક્ષી અભયારણ્ય જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્યત્વે શિયાળા અને વસંત સ્થળાંતર કરનારા પક્ષીઓનો વસવાટ હતો. તે ગુજરાતનું સૌથી મોટું વેટલેન્ડ પક્ષી અભયારણ્ય છે. તળાવની મહત્તમ ઊંડાઈ 2.7 મીટર છે પરંતુ 60% કરતા વધુ વિસ્તારમાં પાણીની ઊંડાઈ એકથી દોઢ મીટર છે, પરંતુ જળાશય 12,000 હેક્ટરમાં ફેલાયેલુ છે. પાણીની ઉંડાઈ ઓછી હોવાને કારણે પાણીની સપાટી

નીચે વિવિધ છોડનો વિકાસ સારો થાય છે. જેના કારણે ખોરાકની વિપુલતા વધે છે, યાયાવર પક્ષીઓ અહીં મોટી સંખ્યામાં આવે છે.

વિવિધ દેશોમાંથી પક્ષીઓ શિયાળામાં અહીં આવે છે જ્યાં ફ્લેમિંગો તેમના સુંદર રંગ અને દેખાવને કારણે આકર્ષણનું કેન્દ્ર બને છે.આ સ્થળની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય નવેમ્બર થી ફેબ્રુઆરી છે.

આ સ્થાનના મુલાકાતીઓની વિગતો નીચે મુજબ છે:-

| ક્રમ | વર્ષ | પ્રવાસીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૨૨ | ૧,૦૦,૮૩૨ |
| ૨ | ૨૦૨૩ | ૨,૩૩,૩૯૮ |

આમ નળ સરોવર ખાતે છેલા બે વર્ષમાં (૨૦૨૨ તથા ૨૦૨૩) કુલ ૩,૩૪,૨૩૦ પ્રવાસીઓએ  મુલાકાત લીધેલ છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૧૩**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૭૬૭**<br>**પ્રશ્નની વિગત: છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જીલ્લામાં પ્રવાસન ક્ષેત્ર વિકસાવવા અંગે કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કનુભાઈ કરમશીભાઈ પટેલ** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– શ્રી કરશનભાઇ પુંજાભાઈ સોલંકી** |
| **પૂરક પ્રશ્ન (૨) નળ સરોવર સિવાય અન્ય કોઈ બર્ડ સેન્ચુરી ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે? જો હા તો તેની વિગત જણાવશો.**<br>**જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>નળ સરોવર સિવાય અમદાવાદથી નજીક મહેસાણા જીલ્લાના કડી તાલુકામાં આવેલ થોળ સરોવર ખાતે પણ પ્રવાસી સુવિધા વિકસાવવાની કામગીરી હાથ ધરેલ છે. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા સદર કામગીરી અર્થે  મુખ્યત્વે નીચેની સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે:- |

- બસ, કાર તથા ટુ વ્હીલર  પાર્કિંગ
- ટોયલેટ બ્લોક
- લેન્ડસ્કેપ ગાર્ડન્સ
- પ્રતીક્ષા વિસ્તાર
- પ્રકૃતિ માર્ગો
- ટિકિટ વિન્ડો
- ઈ-વાહન પ્રતીક્ષા વિસ્તાર
- ઈ-વ્હીકલ પાર્કિંગ
- પ્રવેશ દ્વાર 2
- ગઝેબો
- નવું થીમ પાર્ક

ઉપરોક્ત સુવિધાઓ રૂ. ૨૭.૨૦ કરોડના ખર્ચે ઉભી કરવામાં આવશે.

નોધ : સદર કામગીરી અર્થે સરકારશ્રીની મંજુરી મેળવી તા.૦૩/૦૨/૨૦૨૪ ના રોજ રૂ. ૨૭.૨૦ કરોડનો એજન્સીને વર્ક ઓર્ડર આપેલ છે.